જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૮/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯૧,૩૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૫**

નારણપુરાઃ હિમાક્ષી વા/ઓ સુચીર શાહ (ઉ.વ.૩૫) (રહે. બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી પંચશીલની બાજુમાં ઉસ્માનપુરા વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા શ્રીમહર્ષી અરવિંદ ઘોષ મ્યુનીસીપલ ઉધાન ખાતે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ડુપ્લીકેટ ચાવીથી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૮૦૦/– તથા એટીએમ કાર્ડ તેમજ જરૂરી દસ્તાવેજ હતા. પર્સમા રહેલ એટીએમ કાર્ડનો ઉપયોગ કરી ૩૫,૦૦૦/– રૂપિયા ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી સુરભી હિતેન્દ્રકુમાર ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૫**

મેઘાણીનગરઃ જ્ઞાનવતીબહેન જયસિંઘ કેવટ (ઉ.વ.૩૦) (રહે. સાવીત્રીનગર વી.વી.તોમર સ્કુલ પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૧૦/૦૮/૨૦૨૫ રાતના ૧૧/૧૦ વાગ્યા પહેલા ભાર્ગવ રોડ વિધ્યાનગર ગંગાનગરની ચાલી સામે કનૈયા પાન પાર્લર પાસે રેલવેના પાટા ઉપર ઈલેક્ટ્રીક પોલ નંબર–૪૦૪/૧૭ નજીક ટ્રેઈનની અડફેટમાં આવી જતાં ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૫**

કાગડાપીઠઃ કલ્પેશ કિશનભાઈ ચાવડા (ઉ.વ.૪૩) (રહે. હિરાલાલની ચાલી રાયપુર બિગ બજાર પાછળ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૮/૨૦૨૫ કલાક ૭/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી